સોશીયલ ફેસબુક ઉપર ફરીયાદીના નામનું ફેક એકાઉન્ટ બનાવી ફરીયાદીની ફ્રેન્ડસ સાથે વાતચીત કરી, વિડીયો કોલ કરી, બિભત્સ વર્તાવ કરનાર આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર સાયબર ક્રાઈમ પોલીસ.

સુરત શહેરના સાયબર ક્રાઈમ પો.સ્ટે. પાર્ટ A ગુ.ર.નં.૧૧૨૧૦૦૬૨૨૦૦૦૦૮/૨૦૨૦ ઈ.પી.કો. કલમ:-૩૫૪(એ)(૧), ૫૦૯, ૫૦૦ તથા આઈ.ટી.એક્ટ કલમ:-૬૬(સી)૬૭ મુજબનો ગુન્હો દાખલ થયેલ જે ગુન્હામાં સંડોવાયેલ ઈસમે સોશિયલ મીડીયા ફેસબુક ઉપર ફરીયાદીના નામનું ફેક એકાઉન્ટ બનાવી ફરીયાદીની ફ્રેન્ડસ સાથે મેસેજથી વાતચીત કરી વિડીયો કોલ કરી બિભત્સ વર્તાવ કરતો હતો સદર ગુન્હો શોધી કાઢવા સારૂ સાયબર ક્રાઈમ પો.સ્ટે. દ્વારા ટેકનીકલ સર્વેલન્સ આધારે તપાસ કરતા આ ગુન્હામાં સંડોવાયેલ આરોપી અભિષેક રાજેશકુમાર રામચન્દ્ર મોર્યા ઉ.વ.૨૫ રહે. ઘર નં.૪૦૩, સાંઈ વાટીકા રેસીડેન્સી સર્વોત્તમ હોટલની પાસે બગુમરા ગામ, તા.પલસાણા જી.સુરત. મુળ રહે. સૌરાવ ગામ થાના, તા.સૌરાવ જી.ઈલ્હાબાદ (યુ.પી) નાને આઈડેન્ટીફાઈ કરી શોધી કાઢી, અટક કરી, સદર આરોપીની પુછપરછ કરતા તેણે ફેસબુક ઉપર મહિલાઓના એકાઉન્ટ સર્ચ કરતા તેમાં આ કામના ફરીયાદીનું એકાઉન્ટ જોવા મળતાં તે આધારે તેણે ફરીયાદીના નામનું ફેક એકાઉન્ટ બનાવી ઓરીજનલ એકાઉન્ટમાંથી ફરીયાદી તથા તેના પતિના ફોટોગ્રાફ લઈ તે ફોટોગ્રાફ ફેક એકાઉન્ટના પ્રોફાઈલ પીક્ચર તથા કવર ફોટોમાં અપલોડ કરી તેમાંથી ફરીયાદીની ફ્રેન્ડસ સાથે વાતચીત કરી, વિડીયો કોલ કરી, બિભત્સ વર્તાવ કરેલ હોવાની કબુલાત કરતા ઉપરોક્ત વણશોધાયેલ ગુન્હાનો ભેદ ઉકેલી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.